# સંશોધન નિયામકશ્રીની કચેરી,
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

<u>તાત્કાલિક / સમય મર્યાદા</u>

વિષયઃ "યુનિવર્સિટી ખાતે રૂા.૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના જે સાધનો હાલમાં વપરાશ હેઠળ હોય તેનું છેલ્લા ત્રણ વર્ષનું વપરાશ રજીસ્ટર/લોગબુકની વિગતો" મોકલી આપવા બાબત.

સંદર્ભઃ (૧) સરકારશ્રીના પત્ર ક્રમાંકઃ ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૨-ક.૨, તા. ૧૬-૦૧-૨૦૧૫ અને
(૨) સરકારશ્રીના પત્ર ક્રમાંકઃ ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૩-ક.૨, તા. ૧૬-૦૧-૨૦૧૫
(૩) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંનિ/પી.૧/૧૪૯૨૦/૧૫, તા.૧૯-૦૧-૨૦૧૫

## - પરિપત્ર -

અત્રેની કચેરીના સંદર્ભિત પત્ર-૩ થી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને તેમની કચેરીમાં ઉપલબ્ધ રૂા. ૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના તમામ સાધનોના વપરાશ અંગે સાધનવાર માહિતી "સાધનોના વપરાશ અંગેના રજીસ્ટર/લોગબુકના નિયત પ્રફોર્મા" માં તૈયાર કરી દિન-૫માં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવેલો હતું. તેમ છતા હજુ સુધી મોટાભાગની કચેરીની માહિતી આવેલ નથી, જે યોગ્ય નથી.

પ્રસ્તુત માહિતી ન મોકલવાના કારણે આગામી વર્ષ ૨૦૧૫-૧૬માં નવા સાધનોની સરકારશ્રી પાસેથી મંજૂરી અંગેની ઘટતી કાર્યવાહી થઇ શકેલ નથી. તો આ પરિપત્ર ધ્યાને લઇ આપની કચેરીની પ્રસ્તુત માહિતી **<u>સોફ્ટ કોપી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં</u>** planinganand@aau.in અને planinganand@yahoo.com પર વિના વિલંબે દિન-૨માં મોકલી આપવાની રહેશે.

જા.નં. આકૃયુ/સંનિ/પી.૧/ ૧૫૦૮૯ /૧૫
તા. ૨૭ /૦૧/૨૦૧૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાનાઃ</u>

(૧) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા પ્રસ્તુત માહિતિ દિન-૨માં મોકલી આપવા સારૂ.

<u>નકલ રવાનાઃ</u>

માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ